**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 08/09/2020 Accepted on : 26/09/2020 Publication Date: 30/09/2020

# પાટણ શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને વાલીઓના શિક્ષણના અધિકાર (RTE) વિશેના અભિપ્રાયો

**ડૉ.ગૌતમકુમાર એ. સોલંકી**
અધ્યાપક સહાયક, કોલેજ ઓફ એજ્યુકેશન, બાસ્પા
Email - gautam8711@gmail.com

**સારાંશ :** ભારતને આઝાદી મળી તે પહેલાં પણ પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક, ફરજિયાત અને મફત બનાવવા માટે પ્રયત્નો થયેલા છે. રાજ્ય બંધારણની કલમ – 45 માં બંધારણ અસ્તિત્વમાં આવ્યા પછી 10 વર્ષના ગાળામાં 14 વર્ષ સુધીનાં તમામ બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાનું વચન અપાયેલ હતું. જે સાર્થક ન થઇ શકતા આઝાદીના 56મા વર્ષે બંધારણની કલમ – 21A ' રાઈટ – ટુ – એજ્યુકેશન – 2009 ' નો કાયદો અમલી બન્યો છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને વાલીઓના શિક્ષણના અધિકાર (RTE - ૨૦૦૯) વિશેના અભિપ્રાયો જાણવાનો હતો. જેમાં વ્યાપવિશ્વ તરીકે પાટણ શહેરની પ્રાથમિક શાળાના શિક્ષકો અને ત્યાંના વાલીઓને લેવામાં આવ્યા હતા. જેમાં સ્તરીકૃત યાદ્ચ્છિક ઝૂમખા પદ્ધતિ દ્વારા 300 નો નમૂનો પસંદ કરવામાં આવ્યો. જેમાં માહિતી એકત્ર કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જેમાં તારણોમાં શિક્ષણ મેળવવું એ બાળકનો મૂળભૂત અધિકાર છે તેના વિશે શિક્ષકો જાણકાર છે અને હકારાત્મક અભિગમ ધરાવે છે. RTE માં વાલીની ફરજ અંગે વાલીઓ જાગૃત છે.

**ચાવીરૂપ શબ્દો :** પાટણ શહેર, શાળા, શિક્ષકો, વાલીઓ, શિક્ષણનો અધિકાર અને અભિપ્રાયો.

## (૧) પ્રસ્તાવના :

ભારતને આઝાદી મળી તે પહેલાં પણ પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક, ફરજિયાત અને મફત બનાવવા માટે પ્રયત્નો થયેલા છે. આ માટે અંગ્રેજ વિદ્વાનોમાં 1838 માં વિલિયમ એડમ, 1852 માં કેપ્ટન વિનગેટ, 1858 માં ટી.સી.હોપ વગેરેનો મૂલ્યવાન ફાળો રહેલો છે. ભારતમાંથી પણ પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવા માટે દેશી રાજ્ય વડોદરામાં 1892 માં મહારાજા સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યના અમરેલી તાલુકાનાં બધાં ગામોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કર્યું હતું. સાત થી બાર વર્ષના છોકરાઓ અને સાત થી દશ વર્ષની છોકરીઓ માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો સૌથી પ્રથમ સયાજીરાવ ગાયકવાડે લાગું કર્યો હતો. ઈ.સ. 1918 માં શ્રી વિઠ્ઠલભાઈ પટેલના પ્રયત્નોથી આ ઠરાવનું કાયદાકીય સ્વરૂપ મુંબઈ પ્રાંતમાં આપવામાં આવ્યું હતું. આ પગલાંથી દેશના વિવિધ પ્રાંતોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટે પ્રયત્નો શરૂ થયા હતા.

1947 માં દેશ આઝાદ થયો અને 1950 માં બંધારણ અમલી બન્યું. રાજ્ય બંધારણની કલમ – 45 માં બંધારણ અસ્તિત્વમાં આવ્યા પછી 10 વર્ષના ગાળામાં 14 વર્ષ સુધીનાં તમામ બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાનું વચન અપાયેલ હતું. પરંતુ આ કલમ માર્ગદર્શક સિદ્ધાંતોમાં હોવાથી સરકાર પર ફરજ પાડી શકાતી ન હતી. તેથી આ કલમ પૂર્ણતઃ અમલી બનાવી શકાઈ ન હતી. પરિણામે દેશને ભારે નુકસાન થયું હતું. આ સ્થિતિને સુધારવા માટે આઝાદીના 56મા વર્ષે બંધારણની કલમ – 21A ' રાઈટ – ટુ – એજ્યુકેશન – 2009 ' નો કાયદો અમલી બન્યો.

આ કાયદા અંગે શિક્ષકો અને વાલીઓના અભિપ્રાયોનો પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ કરવામાં આવ્યો છે.

## (૨) પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા :

- વશરામ ડી. પરમારે (૨૦૧૧) શિક્ષણના માધ્યમ અંગે પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો વિષય પર સંશોધન હાથ ધર્યુ હતું. સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષણના માધ્યમ અંગે માતૃભાષાના સ્થાન સંદર્ભે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના શિક્ષકોના અભિપ્રાયો જાણવાનો હતો.
- નલીન એન. પ્રજાપતિએ (૨૦૦૮) પ્રાથમિક શિક્ષણક્ષેત્રે આવેલા નૂતન કાર્યક્રમો અંગે શિક્ષકોના અભિપ્રાયો વિષય પર સંશોધન હાથ ધર્યુ હતું. સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષકોના અભિપ્રાયો દ્વારા નૂતન કાર્યક્રમોની વ્યવસ્થાનો ખ્યાલ મેળવવો. તેમજ નૂતન કાર્યક્રમોની અસરકારકતાનો ખ્યાલ મેળવવાનો હતો.

## (૩) સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

(૧) શિક્ષણનો અધિકાર – 2009 (RTE) ની જાણકારી મેળવવી.
(૨) શિક્ષણનો અધિકારની ચકાસણી સંદર્ભે શિક્ષકો માટે અભિપ્રાયાવલિની રચના કરવી.
(૩) શિક્ષણનો અધિકાર – 2009 (RTE) અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 08/09/2020 Accepted on : 26/09/2020 Publication Date: 30/09/2020

(૪) શિક્ષણના અધિકારની ચકાસણી સંદર્ભે વાલીઓ માટે મુલાકાત પત્રકની રચના કરવી.
(૫) શિક્ષણનો અધિકાર – 2009 (RTE) અંગે વાલીઓના અભિપ્રાયો જાણવા.
(૬) શિક્ષણનો અધિકારની અસરો તપાસવી.

## (૪) સંશોધનના પ્રશ્નો :

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ છે.
(૧) મફત અને ફરજિયાત શિક્ષણ અધિકારના ઉદ્દેશ્યો વિશે શિક્ષકોના અભિપ્રાયો શા છે ?
(૨) સંબંધિત સરકાર, સ્થાનિક સત્તામંડળ અને શાળાની ફરજો વિશે શિક્ષકોના અભિપ્રાયો શા છે ?
(3) શિક્ષકોની ફરજો વિશે શિક્ષકોના અભિપ્રાયો શા છે ?
(૪) અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ વિશે શિક્ષકોના અભિપ્રાયો શા છે ?
(૫) બાળકોના અધિકારના રક્ષણ વિશે શિક્ષકોના અભિપ્રાયો શા છે ?
(૬) RTE વિશેની સામાન્ય માહિતી વિશેના વાલીઓના અભિપ્રાયો શા છે ?

## (૫) સંશોધનનું મહત્વ :

- પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે શિક્ષણનો અધિકાર – 2009 (RTE) મહત્વનું અંગ છે તે જાણી શકાશે.
- પ્રસ્તુત સંશોધન અનુગામી સંશોધકોને પાયાની જાણકારી માટે ઉપયોગી બનશે.

## (૬) સંશોધનનું સીમાંકન :

- પ્રસ્તુત સંશોધન પાટણ શહેરની પ્રાથમિક શાળાઓ પૂરતું જ સીમિત હતું.
- પ્રસ્તુત સંશોધન માટે પાટણ શહેરની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકો અને ત્યાંના વાલીઓ પાસેથી જ માહિતી લેવામાં આવી છે.
- પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે ઉપકરણ તરીકે શિક્ષકો માટે સ્વનિર્મિત અભિપ્રાયાવલિ તથા વાલીઓ માટે મુલાકાત પત્રકનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## (૭) સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## (૮) વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી :

- **વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ પાટણ શહેરની પ્રાથમિક શાળાના શિક્ષકો અને ત્યાંના વાલીઓ હતા.

- **નમૂના પસંદગી :**

પ્રસ્તુત સંશોધનમાં નમૂના પસંદગી સ્તરીકૃત યાદૃચ્છિક ઝૂમખા પદ્ધતિની રીતે કરવામાં આવી. જેમાં પાટણ શહેરની કુલ 25 પ્રાથમિક શાળાઓના પાંચેય ઝોનની ત્રણ-ત્રણ લેખે સ્તરીકૃત રીતે 15 શાળાઓની પસંદગી કરી તેમાંથી યાદૃચ્છિક ઝૂમખા સ્વરૂપે 150 શિક્ષકો જેમાં નગરપાલિકા સંચાલિત શાળાના 50 શિક્ષકો અને સ્વનિર્ભર શાળાના 100 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. તેમજ વાલીઓની ઝોન પ્રમાણે યાદૃચ્છિક ઝૂમખા સ્વરૂપે 150 વાલીઓને પસંદ કરવામાં આવ્યાં હતા.

આમ, પ્રસ્તુત સંશોધનમાં સ્તરીકૃત યાદૃચ્છિક ઝૂમખા પદ્ધતિ દ્વારા 300 નો નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

## (૯) સંશોધનનું ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનના હેતુઓને અનુરૂપ માહિતી મેળવવા માટે તૈયાર ઉપકરણ ન હતું. આથી શિક્ષણનો અધિકાર – 2009 (RTE) વિશે શિક્ષકના અભિપ્રાયો જાણવા માટે સંશોધકે ઉપકરણ સ્વરૂપે અભિપ્રાયાવલિની રચના કરી હતી. તેમજ વાલીઓ પાસેથી અભિપ્રાય અંગેની માહિતી એકત્રિત કરવા માટે ઉપકરણ તરીકે મુલાકાત પત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## (૧૦) માહિતી એકત્રીકરણ :

નિદર્શમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓના આચાર્યને મળીને અભિપ્રાયાવલિઓ ભરાવવા માટે અનુમતિ મેળવવામાં આવી હતી. સશોધકે પ્રસ્તુત અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી સમગ્ર નમૂનાના પાત્રોનો રૂબરૂ મુલાકાત લઈ માહિતી એકત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ શિક્ષકોને મળીને અભિપ્રાયાવલિમાં તેમની અનુકૂળતાએ ભરાવવામાં આવી હતી. અને અંતે માહિતી એકત્ર કરવા માટે મંજૂરી તેમજ સહકાર આપવા બદલ આચાર્યશ્રી - શિક્ષકોનો આભાર માનવામાં આવ્યો હતો.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 08/09/2020 Accepted on : 26/09/2020 Publication Date: 30/09/2020

તેવી જ રીતે વાલીઓની પણ રૂબરૂ મુલાકાત લઈને પોતે ક્યા હેતુથી તેમની પાસે આવ્યા છે તેની માહિતી આપીને મુલાકાત પત્રકમાંથી પ્રશ્નો પૂછ્યા હતા. વાલીઓનાં સંતોષકારક જવાબોથી સંશોધકે તેમનો આભાર માન્યો હતો. આમ, આ રીતે માહિતી એકત્ર કરવામાં આવી હતી.

## (૧૧) માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ રીત :

પ્રસ્તુત સંશોધન અંતર્ગત રચાયેલ અભિપ્રાયાવલિમાં નમૂનામાં પસંદ થયેલ 150 શિક્ષકોએ વિધાન દીઠ સંપૂર્ણ અસંમત, અસંમત, તટસ્થ, સંમત અને સંપૂર્ણ સંમત એમ પાંચ કક્ષાઓને આધારે આપેલ પ્રતિચારોને અનુરૂપ આવૃત્તિ શોધવામાં આવી હતી. આ આવૃત્તિના આધારે પ્રત્યેક વિધાનને માટે કમ્પ્યૂટરથી કાઈવર્ગની ગણતરી કરવામાં આવી. કાઈવર્ગની સાર્થકતાના આધારે વિધાનનું અર્થઘટન કરવામાં આવ્યું હતું. જ્યારે મુક્ત જવાબી મુલાકાત પત્રકમાં મળેલ વાલીઓના પ્રતિચારો પરથી શતમાન જેવી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું.

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પૃથક્કરણ માટે નીચે મુજબના આંકડાશાસ્ત્રીય સૂત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

$$X^2 \text{ (કાઈવર્ગ)} = \sum \left\{ \frac{(fo) - (fe)}{fe} \right\}^2$$

જ્યાં, $X^2$ = કાઈવર્ગ મૂલ્ય

fo = અવલોકિત આવૃત્તિ

fe = અપેક્ષિત આવૃત્તિ

$\sum$ = બધાનો સરવાળો

પ્રસ્તુત સંશોધનમાં રચેલી અભિપ્રાયાવલિમાં વિધાનોને સરેરાશ ગુણભાર આપવામાં આવ્યા હતા. જે નીચે દર્શાવેલ છે.

### વિધાનોને આપેલ ગુણભાર

| ક્રમ | વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|---|
| ૧. | હકારાત્મક | ૦ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨. | નકારાત્મક | ૪ | ૩ | ૨ | ૧ | ૦ |

સંશોધકે અભિપ્રાયાવલિમાં વિવિધ ઘટકોની રચના કરેલી હતી. જેમાં તે ઘટકોનાં પ્રતિચારોની આવૃત્તિમાં 'અસંમત' અને 'સંમત' માં કેટલા શિક્ષકોએ હકારાત્મક અને નકારાત્મક અભિગમ આપ્યો છે તેની વિગત અને તેની ટકાવારી નીચેની સારણીમાં છે.

### ઘટકના પ્રતિચારોની આવૃત્તિ અને ટકા

| ક્રમ | ઘટક | અસંમતની આવૃત્તિ (ટકા) | સંમતની આવૃત્તિ (ટકા) |
|---|---|---|---|
| 1 | મફત અને ફરજિયાત શિક્ષણ અધિકારનાં ઉદ્દેશ્યો | 288 (19.20%) | 1101 (73.40%) |
| 2 | સંબંધિત સરકાર, સ્થાનિક સત્તામંડળ અને શાળાની ફરજો | 459 (15.30%) | 2562 (85.40%) |
| 3 | શિક્ષકોની ફરજો | 217 (24.11%) | 514 (60.11%) |
| 4 | અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ | 95 (15.83%) | 404 (67.33%) |
| 5 | બાળકોના અધિકારનું રક્ષણ | 116 (19.33%) | 387 (64.50%) |

સંશોધક તૈયાર કરેલ વાલીઓ માટેના મુલાકાત પત્રકને આધારે 150 વાલીઓ પાસેથી મળેલ 10 (દશ) પ્રશ્નોના હકારાત્મક ઉત્તરોનું શતમાન પ્રમાણ નીચેની સારણીમાં છે.

### વાલીઓના હકારાત્મક ઉત્તરોનું શતમાન પ્રમાણ

| ક્રમ | પ્રશ્નો | હકારાત્મક ઉત્તરોનું પ્રમાણ | શતમાન પ્રમાણ |
|---|---|---|---|
| 1 | RTE વિશે જાણો છો. | 64 | 42.67 |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 08/09/2020 Accepted on : 26/09/2020 Publication Date: 30/09/2020

| | | | |
|---|---|---|---|
| 2 | RTE માં વાલીની ફરજ શું છે તે જાણો છો. | 31 | 20.67 |
| 3 | RTE થી બાળકને લાભ થયો છે. | 90 | 60.00 |
| 4 | RTE પ્રમાણે દરેક શાળાઓ કામ કરે છે. | 139 | 92.67 |
| 5 | RTE પ્રમાણે શિક્ષકો તેમની ફરજો નિભાવે છે. | 129 | 86.00 |
| 6 | RTE પ્રમાણે બાળકોને મફત શિક્ષણ અપાય છે. | 125 | 83.33 |
| 7 | RTE પ્રમાણે શાળામાં બાળકનાં પ્રવેશ વખતે વાલીનું ઈન્ટરવ્યૂ લઈ શકાય નહીં આ વિશે જાણો છો. | 28 | 18.67 |
| 8 | RTE થી પ્રાથમિક શિક્ષણ સુધર્યું છે. | 113 | 75.33 |
| 9 | RTE ફરીયાદ નિવારણ કેન્દ્ર વિશે જાણો છો. | 8 | 05.33 |
| 10 | બાળકોને ખાનગી ટ્યુશને મોકલો છો. | 55 | 36.67 |

## (૧૨) સંશોધનનાં તારણો :

(૧) શિક્ષણ મેળવવું એ બાળકનો મૂળભૂત અધિકાર છે તેના વિશે શિક્ષકો જાણકાર છે અને હકારાત્મક અભિગમ ધરાવે છે.
(૨) નબળી આર્થિક સ્થિતિવાળા બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળવું જોઈએ તેના વિશે શિક્ષકોના હકારાત્મક અભિપ્રાયો જોવા મળે છે.
(૩) છ વર્ષથી વધુ ઉંમરના બાળકને ઉંમર મુજબ વર્ગમાં પ્રવેશ આપવો જોઈએ તેના વિશે શિક્ષકો હકારાત્મક અભિગમ ધરાવે છે.
(૪) સરકાર બાળકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાની જોગવાઈને શિક્ષકો હકારાત્મક માને છે.
(૫) શાળા દ્વારા 25 ટકા અનામત બેઠકો રાખવી જોઈએ તે અંગે શિક્ષકો હકારાત્મક મંતવ્યો આપે છે.
(૬) શાળામાં બાળકના પ્રવેશ વખતે વાલીને ઈન્ટરવ્યૂમાંથી મુક્તિ આપવી જોઈએ તે અંગે શિક્ષકો હકારાત્મક અભિગમ ધરાવતા જોવા મળે છે.
(૭) બાળકના પ્રવેશ વખતે શાળાએ કોઈ પણ પ્રકારની ફી વસૂલ કરવી જોઈએ નહી તે વિશે શિક્ષકો હકારાત્મક મંતવ્યો આપે છે.
(૮) નબળા વર્ગનાં બાળકોને કોઈપણ જાતના ભેદભાવ વગર શિક્ષણ મેળવતાં ન અટકાવવાની જોગવાઈ અંગે શિક્ષકો સભાન છે.
(૯) શિક્ષક ખાનગી ટ્યુશન કરાવતાં હોય છે તે વિશે શિક્ષકો હકારાત્મક અભિપ્રાય આપે છે.
(૧૦) વાલીઓ RTE થી જાણકાર છે.
(૧૧) RTE થી બાળકને લાભ થઈ રહ્યો છે તે અંગે વાલીઓ હકારાત્મક અભિગમ ધરાવે છે.
(૧૨) શિક્ષકો તેમની ફરજો નિભાવે છે તે અંગે વાલીઓ હકારાત્મક અભિપ્રાય આપે છે.
(૧૩) RTE દ્વારા બાળકોને મફત શિક્ષણ અપાઈ રહ્યું છે તે વિશે વાલીઓ હકારાત્મક વલણ આપે છે.
(૧૪) શાળામાં વાલીનું ઈન્ટરવ્યૂ લેવાવવું જોઈએ નહિ તે અંગે વાલીઓ હકારાત્મક અભિગમ ધરાવે છે.
(૧૫) બાળકોને ખાનગી ટ્યુશને મોકલવા ન જોઈએ તેવો હકારાત્મક અભિગમ વાલીઓ ધરાવે છે.

## (૧૩) ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ દ્વારા શિક્ષકો અને વાલીઓના શિક્ષણના અધિકાર (RTE) વિશેના અભિપ્રાયો જાણવાનો પ્રયાસ થયો હતો. સમય મર્યાદાને ધ્યાનમાં લઈ પ્રસ્તુત સંશોધનને નિષ્ઠાપૂર્વક પૂરું કરવામાં આવ્યું છે.

## સંદર્ભસૂચિ :

(૧) George J. Mouley (1978). The Science of Educational Research, New Delhi : Research House, P .69.
(૨) આચાર્ય, મોહિની (2008). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ : અક્ષર પબ્લીકેશન.
(૩) ઉચાટ, ડી. એ. (2009). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
(૪) દેસાઈ, એચ. જી. અને કે. જી. દેસાઈ (1997). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
(૫) દવે, મહેશ (2010). શિક્ષણમાં નવક્રાંતિનો અવસર, અમદાવાદ : સ્વમાન પ્રકાશન.